**જે. ઝેડ. શાહ આર્ટ્સ ઍન્ડ એચ. પી. દેસાઈ કૉમર્સ કૉલજ અમરોલી, સુરત**

**આંતરિક કસોટી - ૨૦૧૭**

**એમ. એ. સેમેસ્ટર - IV (ગુજરાતી)**

**પેપર - XVI**

**(વિશ્વસાહિત્ય)**

**તારીખ : ૦૩/૦૩/૨૦૧૮** **બેઠક નંબર : .........**

**સમય : ૧૧:૦૦ થી ૦૧:૦૦** **કુલ ગુણ : ૫૦**

---

**પ્રશ્ન : ૧** **નીચેના પ્રશ્નોનાં ટૂંકમાં ઉત્તર આપો. (ગમે તે પાંચ)** **(૧૫)**

૧. 'વિશ્વસાહિત્ય'ની વિભાવના સૌપ્રથમ કયા વિદ્વાને તરતી મૂકી ? એ ક્યાંના વતની હતા ?

૨. 'વિશ્વસાહિત્ય' નાં લક્ષણો જણાવો.

૩. રવીન્દ્રનાથ ઠાકુરે વિશ્વસાહિત્ય માટે કયા શબ્દનો ઉપયોગ કર્યો ?

૪. 'વેઈટિંગ ફોર ગોદો' ના સર્જક અને ગુજરાતી અનુવાદકનું નામ આપો.

૫. 'ધ ઓલ્ડ મેન એન્ડ ધ સી' નવલકથાના લેખક કોણ ? એમને વિશ્વનું સાહિત્યક્ષેત્રનું શ્રેષ્ઠ પ્રાઈઝ કયું અને ક્યારે મળ્યું ?

૬. 'એનિમલ ફાર્મ' નવલકથાના મૂળ લેખક કોણ છે ? એનું તખલ્લુસ જણાવો.

૭. 'એનિમલ ફાર્મ'માં પ્રાણીઓને પાલન કરવા માટે કઈ સાત આજ્ઞાઓ આપવામાં આવી હતી ?

**(૧૭)**

**પ્રશ્ન : ૨** વિશ્વ સાહિત્યની સંજ્ઞા વિભાવના સ્પષ્ટ કરી, વ્યાપક સાહિત્યથી કઈ રીતે જુદું પડે છે તે સ્પષ્ટ કરો.

**અથવા**

'ધ ઓલ્ડ મેન એન્ડ ધ સી' નવલકથામાં માનવીની વ્યથાકથા સમજાવો.

**પ્રશ્ન : ૩** એક રાજકીય કટાક્ષ તરીકે 'એનિમલ ફાર્મ' નવલકથાને મૂલવો. **(૧૮)**

**અથવા**

'એનિમલ ફાર્મ' નવલકથામાં આવતાં વિવિધ પશુપાત્રો અને એ પાત્રો દ્વારા સર્જકે શું સિદ્ધ કર્યું છે ? સ્પષ્ટ કરો.

## જે. ઝેડ. શાહ આર્ટ્સ ઍન્ડ એચ. પી. દેસાઈ કૉમર્સ કૉલજ અમરોલી, સુરત
## આંતરિક કસોટી - ૨૦૧૮
## એમ. એ. સેમેસ્ટર - IV (ગુજરાતી)
## પેપર - XVII
## (ભાષાવિજ્ઞાન)

**તારીખ : ૦૬/૦૩/૨૦૧૮** **બેઠક નંબર : .........**

**સમય : ૧૧:૦૦ થી ૦૧:૦૦** **કુલ ગુણ : ૫૦**

---

**પ્રશ્ન : ૧** **નીચેના પ્રશ્નોનાં ટૂંકમાં ઉત્તર આપો. (ગમે તે પાંચ)** **(૧૫)**

૧. ધ્વનિ ઘટક એટલે શું ? તેના પ્રકારો જણાવો.

૨. ધ્વનિઘટકની વિભાવના સમજાવો.

૩. વાકયની વ્યાખ્યા આપી, પ્રકારો દર્શાવો.

૪. પદક્રમ કોને કહેવાય ?

૫. ગુજરાતી ભાષાશાસ્ત્રના ક્ષેત્રમાં કયા કયા ભાષાશાસ્ત્રીઓનું પ્રદાન છે ?

૬. કામવાળી, માયાળુ, ગરીબાઈ - શબ્દરૂપોમાંથી રૂપઘટકો તારવો.

૭. વિવૃત્ત ‘એ’ અને ‘ઓ’ ની પ્રક્રિયા સમજાવો.

૮. ગુજરાતીમાં લિંગ વ્યવસ્થા સોદાહરણ લખો.

**પ્રશ્ન : ૨** ધ્વનિ ઘટક એટલે શું ? ધ્વનિઘટકની વિભાવના વિગતે સદ્ષ્ટાંત સમજાવો. **(૧૭)**

**અથવા**

વાકય એટલે શું ? વાકયના પ્રકારોની ચર્ચા કરો.

**પ્રશ્ન : ૩** ગુજરાતી ભાષાશાસ્ત્રમાં પ્રદાન કરનારા ડો. પ્રબોધ પંડિત, ડો. હરિવલ્લભ ભાયાણી, કે.કા. શાસ્ત્રી, નરસિંહરાવ દિવેટિયા માંથી કોઈ પણ બે વિશે વિગતે વર્ણવો. **(૧૮)**

જે. ઝેડ. શાહ આર્ટ્સ ઍન્ડ એચ. પી. દેસાઈ કૉમર્સ કૉલેજ અમરોલી, સુરત

આંતરિક કસોટી - ૨૦૧૮

એમ. એ. સેમેસ્ટર - IV (ગુજરાતી)

પેપર - XVIII

(લોકસાહિત્ય - ૨)

**તારીખ : ૦૭/૦૩/૨૦૧૮** **બેઠક નંબર : .........**

**સમય : ૧૧:૦૦ થી ૦૧:૦૦** **કુલ ગુણ : ૫૦**

---

**પ્રશ્ન : ૧** **નીચેના પ્રશ્નોનાં ટૂંકમાં ઉત્તર આપો. (ગમે તે પાંચ)** **(૧૫)**

૧. લોકસાહિત્યના સંશોધન અને સંપાદનની બે સમસ્યાઓ જણાવો.

૨. ઝવેરચંદ મેઘાણીના લોકસાહિત્ય સંપાદનના ત્રણ પુસ્તકોના નામ આપો.

૩. ભગવાનદાસ પટેલનું સંશોધન કયા પ્રદેશના લોક સાહિત્ય સાથે સંકળાયેલું છે ? તેમના બે પુસ્તકોનાં નામ જણાવો.

૪. લોકકથા એટલે શું ?

૫. મૌખિક અને લેખિત સાહિત્ય વચ્ચેની બે ભેદરેખાઓ દર્શાવો.

૬. મોટીફ એટલે શું ?

૭. ‘દક્ષિણ ગુજરાતની ચૌધરી લોકવાર્તાઓ’ નું સંપાદન કોણે કર્યું છે ? તેમાં કેટલી વાર્તાઓ સમાવિષ્ટ છે ?

૮. ‘દક્ષિણ ગુજરાતની ચૌધરી લોકવાર્તાઓ’ પુસ્તકમાં સમાવેશ પામેલી ચાતુર્યકથાઓના નામ આપો.

**પ્રશ્ન : ૨** લોકકથાની સંજ્ઞા સમજાવી, લોકકથાના લક્ષણોની ચર્ચા કરો. **(૧૭)**

**અથવા**

વિવિધ વિદ્વાનોએ દર્શાવેલાં લોકકથાના પ્રકારો વિગતે સમજાવો.

**પ્રશ્ન : ૩** લોકવાર્તાઓની લાક્ષણિકતાઓને ધ્યાનમાં રાખીને ‘દક્ષિણ ગુજરાતની ચૌધરી લોકવાર્તાઓ’ ને સંદર્ભે મૂલવો. **(૧૮)**

**અથવા**

ટૂંકનોંધ લખો :

(૧) ‘ડાંડ અને બાંડ’ વાર્તામાં નિરૂપાયેલું ચાતુર્થ

(૨) ‘ઘર જમાઈ’ વાર્તામાં નિરૂપિત સમાજચિત્ર

# જે. ઝેડ. શાહ આર્ટ્સ ઍન્ડ એચ. પી. દેસાઇ કૉમર્સ કૉલજ અમરોલી, સુરત

## આંતરિક કસોટી - ૨૦૧૭

## એમ. એ. સેમેસ્ટર - IV (ગુજરાતી)

## પેપર - XIX (A)

## (મનોવિજ્ઞાન અને સાહિત્ય)

**તારીખ : ૦૮/૦૩/૨૦૧૮** | **બેઠક નંબર : .........**

**સમય : ૧૧:૦૦ થી ૦૧:૦૦** | **કુલ ગુણ : ૫૦**

---

**પ્રશ્ન : ૧ નીચેના પ્રશ્નોનાં ટૂંકમાં ઉત્તર આપો. (ગમે તે પાંચ)** **(૧૫)**

૧. મનોવિજ્ઞાનના સિદ્ધાંત આપનાર ચાર વિદ્ધાનના નામ આપો.

૨. કઈ સાહિત્ય કૃતિ પરથી "ઈલેક્ટ્રા કોમ્પલેક્ષ" નામની મનોવૈજ્ઞાનિક ગૂંચ સમજાવવામાં આવી છે ?

૩. કોઈ પણ બે મનોવૈજ્ઞાનિક સાહિત્યકૃતિના નામ આપો.

૪. કોઈ પણ ચાર મનોવૈજ્ઞાનિક ગૂંચ નામ આપો.

૫. યુંગે મનના કયા કયા પ્રકાર ગણાવ્યા છે ?

૬. એડલરનો મનોવૈજ્ઞાનિક સિદ્ધાંત કયો છે ?

૭. 'પીળુ ગુલાબ અને હું' નાટકમાં નાટય તરીકે કયા કયા નાટક આવે છે ?

૮. 'પીળુ ગુલાબ અને હું' કૃતિમાં કયા મનોવૈજ્ઞાનિક પધ્ધતિની સંરચના છે ?

**પ્રશ્ન : ૨** "મનોવિજ્ઞાન એટલે માનવ વર્તનનો અભ્યાસ કરતું વિજ્ઞાન"- આ વિધાન સમજાવી, તેનું કાર્ય ક્ષેત્ર વિગતે ચર્ચા કરો. **(૧૭)**

**અથવા**

મનોવિજ્ઞાન અને સાહિત્ય વિશે ચર્ચા કરી બન્ને પારસ્પરિક સંબંધોની ઉદાહરણ સહિત ચર્ચા કરો.

**પ્રશ્ન : ૩** " 'પીળુ ગુલાબ અને હું 'નાટકમાં સ્ત્રી નિર્માતા સંધ્યાના મનોવૈજ્ઞાનિક પરિપ્રેક્ષને સ્પષ્ટ કરી આપે છે." - વિધાનની સમીક્ષા કરો. **(૧૮)**

**અથવા**

'પીળુ ગુલાબ અને હું'નાટકમાં નિરૂપાયેલાં મનોવૈજ્ઞાનિક સંદર્ભોની વિગતે ચર્ચા કરો.

# જે. ઝેડ. શાહ આર્ટ્સ ઍન્ડ એચ. પી. દેસાઈ કૉમર્સ કૉલેજ અમરોલી, સુરત

## આંતરિક કસોટી - ૨૦૧૮

## એમ. એ. સેમેસ્ટર - IV (ગુજરાતી)

## પેપર - XX

## (સાહિત્યિક પત્રકારત્વ)

**તારીખ : ૦૯/૦૩/૨૦૧૮** **બેઠક નંબર : .........**

**સમય : ૧૧:૦૦ થી ૦૧:૦૦** **કુલ ગુણ : ૫૦**

---

**પ્રશ્ન : ૧ નીચેના પ્રશ્નોનાં ટૂંકમાં ઉત્તર આપો. (ગમે તે પાંચ)** **(૧૫)**

૧. સાહિત્યિક પત્રકારત્વની કોઈપણ બે વ્યાખ્યા આપો.

૨. સાહિત્યિક પત્રકારત્વના બે કાર્યો જણાવો.

૩. પ્રથમ ગુજરાતી વર્તમાનપત્રની માહિતી આપો.

૪. નર્મદયુગના ત્રણ સાહિત્યિક સામયિકોનાં નામ લખો.

૫. નર્મદ દ્વારા શરૂ કરવામાં આવેલ સામયિકનું નામ અને તેનુ અન્ય માહિતી ટૂંકમાં આપો.

૬. હાજી મહંમદ અલારખિયા શિવજીનું સાહિત્યિક પત્રકારત્વ ક્ષેત્રે પ્રદાન ટૂંકમાં લખો.

૭. શ્રી વિજયરાય વૈદ્ય કયા કયા સામયિકોના સંપાદક હતા ?

૮. 'પ્રત્યક્ષ' સામયિક વિશે ટૂંકમાં માહિતી આપો.

**પ્રશ્ન : ૨** સાહિત્યિક પત્રકારત્વની સંજ્ઞા સમજાવી, વ્યાખ્યાઓ દર્શાવી, તેના પ્રયોજનોની વિગતે ચર્ચા કરો. **(૧૭)**

**અથવા**

"ગાંધીયુગ ગુજરાતી સાહિત્યિક પત્રકારત્વનો સુવર્ણયુગ હતો' - વિધાનની ચર્ચા કરો.

**પ્રશ્ન : 3 સવિસ્તર નોંધ લખો : (ગમે તે બે)** **(૧૮)**

(અ) પંડિત યુગનું સાહિત્યિક પત્રકારત્વ

(બ) વિજયરાય વૈદ્યનું સાહિત્યિક પત્રકારત્વ ક્ષેત્રે પ્રદાન

(ક) 'પ્રસ્થાન'

(ડ) 'સંસ્કૃતિ'